જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૯/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૯/૧૬**

**શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી ૧૧૫ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો.**

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૬ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**સૃષ્ટી વિરૂધ્ધના કૃત્યની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૧/૧૬**

સરખેજઃ સરખેજ વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષની પરણીતાએ (પિયર) બોડેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી હતી કે પરણીતાના પતિએ (સરખેજ અમદાવાદ ખાતે સાસરીમાં) તા.૧૫/૮/૧૬ થી તા.૬/૯/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન મેણા-ટોણા મારી પરણીતાના હાથપગ બાંધી મારી નાખવાની ધમકી આપી, શરીરે સિગારેટના ડામ આપી પરણીતાની મરજી વિરૂધ્ધ બળજબરીથી સૃષ્ટી વિરૂધ્ધનુ કૃત્ય કર્યુ હતુ. જે બનાવ સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ હોઈ સરખેજ પોલીસ સ્ટેશન તરફ આવતા સરખેજ પોલીસે ગુનો નોધી આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી એન સોલંકી ચલાવે છે.

ઉપરોક્ત ગુનાના કામે પરણીતાના પતિની સરખેજ પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૨/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** પાયલબહેન વિષ્ણુભાઇ રાવળ (ઉ.વ.૧૫) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનમા ગામ સાંકલીના પાટીયા પાસે,તાલુકો પાટણ) ને તા.૧/૯/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે સોલા સિવિલ હોસ્પીટલના પાર્કિંગમાંથી આરોપી કીરણ જયંતીભાઇ રાવળ (રહે.જી.ઈ.બી.ના ઢાળ પાસે, મેલડી માતાના મંદીરમા, પાટણ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ પાયલબહેનની માતા ગૌરીબહેન રાવળે તા.૧૦/૯/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ બી સૈયદ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>દુષ્પ્રેરણની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬૩/૧૬</u>**

**કૃષ્ણનગરઃ** છગનભાઈ હમીરભાઇ આહીર (ઉ.વ.૪૨) (રહે. વિશ્વકેતુ સોસાયટી વિક્રમપાર્ક બજરંગ આશ્રમ સામે કૃષ્ણનગર) એ આરોપી (૧) જયેશ રબારી (૨) બીજલ રબારી (બન્ને રહે. જોગણી માતાના મદીર પાસે નારણપુરા) (૩) કાનજી રબારી અને (૪) અનીલ મરાઠી (બન્ને રહે. મેમનગર) પાસેથી પૈસા લીધા હતા. જે પૈસા પરત આપી દીધા હોવા છતાં પૈસાની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા હોઈ છગનભાઈએ કંટાળી જઈ ઘર નજીક ઈકો ગાડીમાં બેસી ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે સિવિલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર છગનભાઈના ભાઈ બટુકભાઈ આહીરે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ એસ અસારી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૬૪/૧૬</u>**

**"બી" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ જગાભાઈ સેલાભાઈ સોલંકી (ઉ.વ.૬૦)** (રહે.અણદામુખીનો વાસ ગુલબાઈ ટેકરા) તા.૯/૯/૧૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે સૌરભ સોસાયટી નજીક રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે એક મોટર સાયકલ ચાલકે **મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવતા જગાભાઈને ટક્કર વાગતા** ગંભીર ઈજાઓ થતા જગાભાઈને સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી આર પટેલ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)